# તલોદના નવા માર્ગો ઓવર લોડીંગ ટ્રકોથી બિસ્માર

## તંત્રની રહેમનજર હેઠળ ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિ, રેન્જ આઈ.જી. માટે આ મોટો પડકાર

તલોદ, તા. ૨૦

વડાગામ, ધનસુરા, વાત્રક, આંત્રોલી વગેરે સ્થળોએ ચાલતો ક્વોરી ઉદ્યોગ રાજ્યભરમાં કપચી સપ્લાય કરે છે. આ કપચી પહોંચતી કરવા વર્ષોથી ટ્રકોનો ધમધોકાર ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ આ ટ્રકોમાં ક્ષમતા કરતા વધારે માલ ભરીને લઈ જવાઈ રહ્યો છે. જેથી સરકારના કાયદાનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. તેમજ પ્રજાના નાણાથી બનેલા નવીન માર્ગો પણ આ ઓવર લોડીંગ ટ્રકોથી તુટી રહ્યા છે. આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ પોલીસ અને સલગ્ન તંત્રની રહેમનજર હેઠળ ચાલી રહી હોવાનુ પ્રજાજનો જણાવી રહ્યા છે. જેથી નવ નિયુક્ત રેન્જ આઈ.જી. માટે આ નવો અને મોટો પડકાર બન્યો છે.

તલોદ, રખીયાલ, દહેગામ, ચિલોડા, ગાંધીનગરમાં થઈ પસાર થઈ રહેલી કપચી ભરેલી ઓવર લોડીંગ ટ્રકો ભારે નુકસાન કરી રહી છે. રાજ્યભરમાં મકાન બાંધકામ કે અન્ય કામોમાં ઉપયોગી બનતી કપચી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કેટલાક સ્થળોએ ક્વોરી ઉદ્યોગ દ્વારા પુરી પડાઈ રહી છે. જેથી વડાગામ, બાયડ, ધનસુરા, વાત્રક, હરસોલ, તાજપુર કેમ્પ જેવા સ્થળોએ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ પણ વિકસીત રહ્યો છે. પરંતુ આ કપચી ટ્રકોની ક્ષમતા કરતા પણ વધુ ભરીને લઈ જવાઈ રહી છે. જેથી તલોદ હરસોલ વચ્ચે તથા તલોદ મજરા વચ્ચે કરોડોના પ્રજાના નાણાંએ બનેલા માર્ગો તુટી રહ્યાછે. તેમજ અતિશય ભાર સહન કરી રહેલ ટ્રકો વારંવાર અકસ્માતો પણ સર્જે છે. જેથી માર્ગ ઉપર પસાર થતા અન્ય વાહનચાલકો માટે પણ તેટલું જ જોખમી બની ગયું છે.

તલોદ પોલીસ, દહેગામ પોલીસ, ચિલોડા પોલીસ કે ગાંધીનગર પોલીસ સમક્ષ થઈને જઈ રહેલી આ ટ્રકો રીતસર ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી રહી છે. છતાં પણ પોલીસ દબાણ વશ કોઈ જ પગલાં લેતી નથી. જેથી પ્રજાજનોમાં અનેક શંકાઓ પેદા થઈ છે. આર.ટી.ઓ. તથા ભુસ્તર વિભાગ દ્વારા દરોડાના કરવામાં આવેલ દફતરે દર્શાવાના નાટકો પણ પ્રજા સમજી ચુકી છે. છતાં પણ નવનિયુક્ત આઈ.જી. પોતાની રેન્જમાં ચાલતો આ કાળો કારોબાર અટકાવી જ દેશે તેવો પ્રજાને ભરોસો બેઠો છે. સરકાર દ્વારા નવીન માર્ગો બનાવવા કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ તેની સમીક્ષા કરવામાં ઉણી ઉતરી છે તેવુ પણ પ્રજાજનો નારાજગી સાથે જણાવી રહ્યાં છે.

## બાયડમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ડમી વિદ્યાર્થિની ઝડપાઈ

(સમીર બલોચ) મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના બાયડની સારસ્વત હાઈસ્કુલ કેન્દ્રમાં ધો ૧૨ સામાન્ય પ્રવાહમાં બોર્ડ પરીક્ષામાં ગુજરાતી વિષયનુ પ્રશ્નપત્ર આપવા આવેલ ડમી છાત્રા ઝડપાઈ જતા તેની સામે પોલીસ ફરીયાદની તજવીજ હાથ ધરવામાં આવી છે.

અરવલ્લી જીલ્લાના બાયડ ખાતે આવેલી સારસ્વત હાઈસ્કુલના પરીક્ષા કેન્દ્રમાંથી આજે ધો ૧૨ સામાન્ય પ્રવાહના વિષયમાં ગુજરાતી વિષયના પેપરમાં આજરોજ બેઠક નંબર જી ૭૨૩૭૮૮ નંબર ઉપર સુશિલાબેન પરમાર (ઉજળેશ્વર હાઈસ્કુલ)ની વિદ્યાર્થીની જગ્યાએ ડમી વિદ્યાર્થીની તરીકે સાવીત્રીબેન પરમાર પરીક્ષા આપવા બેઠા હતા. જે પરીક્ષા દરમ્યાન ખંડ નીરીક્ષકના ધ્યાને આવતા તેમણે તરત જ કેન્દ્ર સંવાહકનુ ધ્યાન દોરી આ વિદ્યાર્થીનીને ચાલુ પરીક્ષાએ ઉભી કરી દેવામાં હતી અને આ રીતે પરીક્ષામાં ડમી વિદ્યાર્થીની તરીકે બેસવા બદલ બાયડ પોલીસ મથકે ફરીયાદ નોધાવાની તજવી હાથ ધર્યાનુ જાણવા મળ્યુ હતુ.

## ઐઠોરના પ્રસિદ્ધ ગણપતિ મંદિરે ભવ્ય લોકમેળો યોજાશે

ઊંઝા, તા. ૨૦

ઊંઝા નજીકના ઐઠોર ગામે આવેલ સુપ્રસિદ્ધ શ્રી ગણપતિદાદાના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર સુદ ૩, ૪ અને ૫ તા. ૨૨ થી ૨૪ માર્ચ દરમિયાન ભવ્ય લોકમેળો યોજાશે.

ઊંઝાથી વિસનગર જવાના માર્ગ ઉપર ઊંઝાથી માત્ર ૫ કિલોમીટર દૂર આવેલ ઐઠોર ગામે શ્રી ગણપતિદાદાનું ઐતિહાસિક અને પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિરમાં પ્રસ્થાપિત ગણેશજીની પ્રતિમા રેણુ માટીમાંથી બનાવેલી ડાબી સુંઢવાળી હોવાથી આગવી વિશિષ્ટતા ધરાવે છે. લોકવાયકા પ્રમાણે આ પ્રતિમા પાંડવયુગની છે. અને સોલંકીકાળમાં રાજવીઓ મહાન કાર્યના પ્રારંભ વખતે આ મંદિરમાં પુજન કરીને જ આગળ વધતા હતા આજે પણ ભક્તોની શ્રદ્ધા પૂર્ણ કરતા આ ગણેશજી હાજરા-હજુર હોવાનું દૃઢ પણે માનવામાં આવે છે.

આ મંદિરે દર વર્ષે ચૈત્રસુદ ૩-૪-૫ સુધી ભવ્ય લોકમેળો ભરાય છે. જે પરંપરા મુજબ ચાલુ સાલે ૨૨ માર્ચથી આ ત્રિદિવસીય મેળાનો પ્રારંભ થશે. ૨૪ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં ઠેર-ઠેરથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તથા ભાવિકભક્તો લાખોની સંખ્યામાં ઉમટી પડશે. ૨૩ માર્ચે સાંજે ૫ કલાકે શુકન જોવાની વિધિ થશે. જેમાં સાંજના સમયે ફુલો અને અનાજ ઉપરથી વર્ષફળ જોવાશે. આ ત્રણે દિવસો દરમ્યાન નાયકભાઈઓ ગામના મુખ્ય ચોકમાં ભવાઈનો કાર્યક્રમ કરશે. મેળાને અનુલક્ષીને મંદિર સંસ્થા દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

## દામાવાસ કંપામાં શહીદ ખેડૂતોને શ્રદ્ધાંજલિ અપાઈ

લક્ષ્મીપુરા નજીકના દામાવાસ કંપામાં શહીદ ખેડૂતોની યાદમાં શ્રદ્ધાંજિલ કાર્યક્રમ યોજાયો હતો. વર્ષ-૧૯૮૭ના રોજ વિધાનસભા ઘેરાવ કાર્યક્રમ કિસાન સંઘ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં કુલ નવલોહિયા ખેડૂતોએ બલિદાન આપી શહીદી વહોરી હતી. જે શહીદોની યાદમાં પ્રતિવર્ષની જેમ શ્રદ્ધાંજલિ અર્પવાનો અનોખો રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ખેડબ્રહ્મા કોલેજના આચાર્ય પટેલ, પ્રત્યુદાસ પટેલ, પ્રમોદ પટેલ, અમરત પટેલ, શંકરભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

### મોડાસા નગરપાલિકા ધ્વારા

## નગરના માર્ગો પર એલઈડી લાઈટ લગાવવાનો નવતર પ્રયોગ હાથ ધરાયો

### ૫ લાખના ખર્ચે એલઈડી લાઈટ લગાવાશે

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા. ૨૦

મોડાસા નગરના મુખ્ય માર્ગોને વધુ પ્રકાશીત કરવા માટે અને શાહદારીઓની સલામતીમાં વધારો કરવા માટે તેમજ નગરની શાનમાં વધારો કરવા માટે મોડાસા નગરપાલિકા ધ્વારા ઓછા ખર્ચે વધુ પ્રકાશ મેળવવાનો નવતર પ્રયોગ હાથ ધર્યો હતો. નગરની સાનમાં વધારો કરવા માટે મોડાસા નગરપાલીકા તંત્ર કટીબધ્ધ બન્યુ છે.

રૂ. ૫ લાખના ખર્ચે મોડાસા નગરપાલીકા ધ્વારા મોડાસા નગરના માર્ગો ઉપર ૧૧૫ એલઈડી લાઈટ લગાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા નગરપાલિકાના પ્રમુખ એસ. આર. પટેલના જણાવ્યા અનુસાર અત્યાર સુધી માર્ગો ઉપર સીએફએલ બલ્બ લગાવામાં આવ્યા હતા. પરંતુ વીજળી વીભાગના રીપોર્ટ મુજબ આ બલ્બથી ઓછો પ્રકાશ મળતો હતો અને વીજબીલ વધારે આવતો હતો અને ૧૩મા નાણાપંચની ગ્રાન્ટમાંથી નગરના માર્ગોને વધુ ઝળહળતા બનાવવા પુરતો પ્રકાશ ઓછા ખર્ચે મળી રહે તે માટે વધુ અસરકારક એલઈડી લાઈટ ડીવાઈડરના પોલ ઉપર લગાડવાનો નીર્ણય કરવામાં આવ્યો છે.

નગરપાલિકાના મુખ્ય અધિકારી અગરસિંહ ચૌહાણ અને વિજળી વિભાગના રમેશભાઈ કડીયાના જણાવ્યા મુજબ ૧૩માં નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂપીયા ૫ લાખના ખર્ચે નગરમાં ૧૧૬ એલઈડી લાઈટ નગરના મુખ્ય માર્ગ ઉપર આવેલ પોલ ઉપર લગાવવામાં આવશે. ૪૮ વોલ્ટની આ લાઈટથી વિજબીલમાં પણ કાપ મુકાશે.

## પ્રાંતિજના રસુલપુર પાસે અકસ્માત બાઈકસવારનું મોત

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ રસુલપુર પાસે બે બાઈક સવાર સામ સામે અથડાતા એક બાઈકચાલકને ગંભીર ઈજાઓ થતાં અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. પ્રાંતિજ તાલુકાના જુના રસુલપુર ગામ પાસે સાત દિવસ પહેલાં બે બાઈક સામ સામે ધડાકાભેર અથડાયા હતા. જેમાં પ્રાંતિજ નજીક આવેલ નવાપુરા ગામના જવાનસિંહ મકવાણા ઉં.વ. ૫૦ને શરીરે ગંભીર ઈજાઓ થતાં પહેલા હિંમતનગર પછી અમદાવાદ એપોલોમાં અને ત્યાંથી અમદાવાદ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## પ્રાંતિજના સલાલ પાસે રીક્ષા અને ટેમ્પો વચ્ચે અકસ્માત એકનું મોત

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના સલાલ ચોકડી પાસે અજાણ્યા વાહનની ટક્કરથી રીક્ષામાં સવાર મુસાફરનું સારવાર દરમ્યાન મોત થયું છે.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પાસે આવેલ સલાલ ગામે ગુરૂવારના રોજ રાત્રીના સમયે ફુલફાસ્ટ રીતે અજાણ્યા ટેમ્પો ચાલક હંકારી લાવી રીક્ષા સાથે અકસ્માત કરી રીક્ષા નં. જીજે૯એવાય ૧૩૭૦માં સવાર શંકરસિંહ સોમસિંહ પરમાર ઉં.વ. ૫૨ રહે. મેમદપુરને શરીરે ઈજાઓ થતાં તેમણે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક મુસાફરી કરી રહેલ પોપટજીને પણ ઈજાઓ થતાં તેમણે પણ સારવાર લેવાનો વારો આવ્યો હતો. જ્યારે પ્રાંતિજ પોલીસે રીક્ષાચાલકે અજાણ્યા ટેમ્પો ચાલક વિષે ફરીયાદ નોંધાવતા સલાલ બીટ જમાદાર અમરતભાઈ દ્વારા આગળ તપાસ હાથ ધરી છે.

## બાયડ અને માલપુર તાલુકામાં ૭ કરોડના ખર્ચે રોડના મરામતનુ કામ હાથ ધરાશે

### મંત્રી નીતીન પટેલે ધારાસભ્યની રજુઆત માન્ય રાખીને રોડ મંજુર કર્યા

(સમીર બલોચ) મોડાસા, તા. ૨૦

હાલ ગુજરાત રાજયમાં વિધાનસભાનુ બજેટ ચાલી રહયુ છે ત્યારે બે દિવસ પહેલા માલપુર બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા એ અવરલ્લી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ખાલી જગ્યા અંગેનો મહેકમનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. જયારે મેઘરજ ખાતે એક સબ વીજ સ્ટેશનની પણ માંગણી કરવામાં આવી હતી. જે સરકાર ધ્વારા મંજુર રાખી ફાળવી આપવામાં આવી હતી.

ત્યારે ગઈકાલે ૩૨ બાયડ અને માલપુરના ધારસભ્યએ તાલુકાના વિકાસ માટે વિધાનસભા ગૃહમાં રજુઆત કરતાં મંત્રી નીતીન પટેલ ધ્વારા આ બન્ને તાલુકામાં થઈ રૂ. ૭ કરોડના ખર્ચે ૨૭ કી.મી.ના રોડનુ રીપેરીગ મરામત કામ રીફરેસીંગ અને ડામર કામ કરવા માટે મંજુર કરવામાં આવતા ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના આ વિકાસના કામોને તાલુકાની જનતાએ હર્ષભેર વધાવી લીધી હતી અને લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

આ મંજુર કરેલ રોડમાં માલપુર તાલુકામાં જેશીંગ વાટાથી ગણેશપુરાનો ૨.૫૦ કી.મી રોડ, સાતરડા હરીપુરાનો ૦.૩૫૦ કીમી રોડ, પટેલીયાના મુવાડા એપ્રોચ રોડ ૨.૦૧ કી.મી રોડ, જયારે માલપુર ગુગલી વીસ્તારથી અંબમવમ થઈને બાયપાસને જોડતો પાકા રોડનુ રીપેરીંગ કામ તેમજ ડામર કામ એ રીફરેશીંગ કામ ૧ કરોડ ૭૬ લાખ રૂપીયાના ખર્ચે મંજુર કરવામાં આવ્યો હતો. જયારે બાયડ તાલુકામાં મોતીપુરાથી બોરડીનો ૨ કી.મી રોડ, ધનસુરા, સાઠંબા, ગાબટ અને સીમલીને જોડતો ૪ કી.મી રોડ, સાઠંબા, ઈન્દ્રાણ, આમોદરા, દેરોલી અને કાવઠને જોડતો ૭ કી.મી રોડ તેમજ રૂપનગર ધરમડી વાટાને જોડતો ૨.૯૦ કી.મી.નો રોડ, કાદવીયા બારચીના મુવાડા થઈ પ્રાથમિક શાળા સુધીનો રોડ તેમજ લીબથી રતન તલાવડ જતા રસ્તાઓનુ અંદાજે ૫ કરોડ ૨૪ લાખ રૂપીયાના ખર્ચે રજુઆત કરી મંજુર કરાવતા બાયડ અને માલપુર તાલુકાની જનતામાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ છે.

## તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી ૩૦મી માર્ચે યોજાશે

### કુલ ૪૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

તલોદ, તા. ૨૦

તલોદ એ સાબરકાંઠા જિલ્લાનું મુખ્ય વેપારી મથક ગણાવાયું છે. તલોદની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની આગવી ઓળખ તરીકે ગણના થઈ રહી છે. જેથી સંસ્થામાં કમિટિના સભ્ય બનવા માટે મથામણો થઈ રહી છે. કમિટિના સભ્યોની ચૂંટણી આગામી તા. ૩૦-૩-૧૫ના રોજ થનાર છે.

ચૂંટણી પ્રક્રીયાના પ્રથમ દિવસે જ ૫૫ જેટલા ઉમેદવારોએ ૧૪ જેટલી બેઠકો ઉપર ઉમેદવારી નોંધાવેલ છે. ફોર્મ ભરેલાંની ચકાસણી થતાં ખેડૂત વિભાગમાંથી ૧ ફોર્મ રદ થતાં ૫૪ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યાં છે. ખેડૂત વિભાગની ૮ બેઠકો ઉપર ૩૧ જેટલા ઉમેદવારો, જ્યારે વેપારી માટેની ૪ બેઠકો માટે ૧૮ ઉમેદવારો અને સરકારીની બે બેઠકો માટે ૫ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ખેડૂત વિભાગમાં ૫૧૮ મતદારો છે. જ્યારે વેપારી વિભાગમાં ૫૯૨ મતદારો છે. સરકારી બેઠક માટે ૩૫૭ મતદારો મતદાન કરશે. મતદાનનો કાર્યક્રમ તલોદ તેમજ હરસોલ એમ બે વિભાગમાં વહેંચી દેવામાં આવ્યો છે. યાર્ડની ચૂંટણીના હિસાબે સરકારી માળખામાં ગરમાવો આવી રહ્યો છે.

યાર્ડના પૂર્વ ચેરમેનો, ચાલુ ચેરમેનો તેમજ પૂર્વ ડીરેક્ટરોએ પણ ચૂંટણી મેદાનમાં ઝંપલાવ્યું છે. આ ચૂંટણીમાં પેનલો બની રહી છે. આ પેનલો ચૂંટણી હાંસલ કરવા સતત પ્રયત્નો, યેનકેન પ્રકારે ચૂંટણી જીતવા પેંતરા હાથ ધરશે તેવાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. તા. ૨૦-૩-ના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો દિવસ હતો.

ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખે અત્યારે કુલ ૫૪ ફોર્મ થયાં છે. જેમાં ૫૪ માંથી ૧૪ પાછાં ખેંચાયા છે. ખેડૂતમાં ૨૪, વેપારીમાં ૧૨, સરકારી ૪ એમ કુલ ૪૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધવા ચૂંટણીના જંગમાં ઝંપલાવ્યું છે.

## ધાનેરા નગરપાલિકાનું રૂ. ૭.૯ કરોડના પુરાંતવાળુ બજેટ પસાર : કોંગ્રેસે કર્યો વોકઆઉટ

ધાનેરા, તા. ૨૦

ધાનેરા નગરપાલિકા કોંગ્રેસ સત્તા પર હતી પરંતુ કોંગ્રેસના કેટલાક સભ્યો ભાજપ સાથે હાથ મિલાવતા પ્રમુખ બળવંતસિંહ રાવ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ હતી. હાલમાં ઉપપ્રમુખ પિનાબેન પટેલના અધ્યક્ષ સ્થાને નવા વર્ષના નાણાંકીય બજેટ બેઠક ચીફ ઓફિસર સાથે નગરપાલિકા ખાતે મળી હતી. જેમાં રૂ. ૭.૯ કરોડનું પુરાંત વાળુ બજેટ બહુમતીએ મંજૂર કરવામાં આવ્યું હતું.

બજેટ બેઠકના આરંભે પૂર્વ પ્રમુખ બળવંતસિંહ રાવે ચાર સભ્યો ભાજપમાં જોડાયા છે તે ગેરકાયદેસર બાબતની લેકિત રજૂઆત કરી બાકીના તમામ વિપક્ષના સભ્યો વોકઆઉટ કરી ગયા હતા. બજેટમાં રૂ. ૪૭.૫૬ કરોડની આવક સામે રૂ. ૪૦.૪૦ કરોડનો ખર્ચ બતાવાયો હતો. બજેટમાં વ્યક્તિગત શૌચાલય, ખાનગી સોસાયટી, બ્યુટીફીકેશન વગેરે માટે ફાળવણી કરાઈ હતી. ખાસ ધાનેરામાં પ્રજાજનો માટે સીટી બસ સેવા શરૂ કરવા નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી.

## ડીસા ખાતે દેશી રઘુવંશી લોહાણા સમાજનો ભોજન પ્રસાદ કાર્યક્રમ યોજાશે

ડીસા ખાતે બહોળી સંખ્યામાં દેશી રઘુવંશી લોહાણા સમાજની વસ્તી વસવાટ કરે છે, તેમજ રઘુવંશી દેશી સમાજ દ્વારા અવાર નવાર સમાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેવી કે અમુક તિથી પ્રમાણે સ્નેહમિલન કાર્યક્રમ, સમુહ ભોજન, રાસ ગરબા કાર્યક્રમ જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

આજે ચૈત્ર સુદ બિજને તા-૨૧-૩-૨૦૧૫ ને શનિવારના રોજ શ્રી દરિયાલાલ દાદાની જન્મ જયંતિ નિમિતે શ્રી જલારામ સેવા સંકુલ, કચ્છી કોલોની ખાતે સાંજે ૭ કલાકે સમુહ ભોજન પ્રસાદ કાર્યક્રમ રાખવામાં આવેલ છે દર સાલની જેમ આ સાલ પણ સુંદર આયોજન કરવામાં આવેલ છે. ડીસા ખાતે રહેતા તમામ રઘુવંશી દેશી લોહાણા સમાજના પરિવારોને પધારવા શ્રી દેશી લોહાણા મહાજન-ડીસા તેમજ શ્રી પ્રગતિ યુવક મંડળ દ્વારા જણાવવામાં આવેલ છે.

## મોડાસાના બોડી ગામે કારમાંથી ૧૮,૫૦૦ રૂ.નો દારૂ ઝડપાયો

(જય અમીન) મોડાસા, તા. ૨૦

ગુજરાત રાજયમાં દારૂબંધી હોવાથી અને ગુજરાતના પ્રજાજનોમાં આધુનિકતાના નામે દારૂનો નશો કરવાનું ચલણ ખુબ જ વધુ હોવાથી રાજયના બુટલેગરો અને રાજય બહારના બુટલેગરોદ્વારા વધુ નફો રળી લેવા યેનકેન પ્રકારે ગુજરાત રાજયમમાં દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ હોય છે ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસને મળેલી બાતમીના આધારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના આઉ પોસ્ટ સરડોઈ પોલિસના જવાનો દ્વારા ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહેલા દારૂના જથ્થાને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

બાતમીના આધારે સરડોઈ ગામમાં વોચ ગોઠવીને ઉભા હતા ત્યારે શામળાજી તરફથી જીવણપુરની ગામમાંથી પ્રવેશી મોડાસા માર્ગે પૂરપાટ ઝડપે આવી રહેલી વેગન આર કાર (ગાડી નં. જીજે-૧૮-એએ-૯૩૮૭)ને અટકાવવાનો પ્રયાસ કરતાં કારમાં વગર પાસ પરમીટનો દારૂ-બીયરનો જથથો ભરેલો હોવાથી કાર ચાલકે પૂરપાટ ગતિથી હંકારી ભાગી જવાનો પ્રયાસ કરતાં સરડોઈ પોલીસ સ્ટેશનના જમાદાર અને પોલીસ જવાનોએ વેગનઆર ચાલકનો પીછો કરતા પકડાઈ જવાના ડરથી સરડોઈથી ૮ કિમી દૂર બોડી ગામની સીમમાં કારચાલક બિનવારસી હાલતમાં કાર મુકી નાસી છૂટયો હતો. જેની સરડોઈ પોલીસે તલાશી લેતાં કારની અંદરથી વગર પાસ પરમીટે વિદેશી દારૂની બોટલો અને વિવિધ કંપનીના બિયરના ટીન ૧૫૨ નંગ કુલ મળી આવ્યા હતા અને વેગનઆર કાર મળી આવી કુલ કિંમત ૧૬૮૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર કાર ચાલક વિરૂધ્ધ ગુહો નોંધી કારચાલકને ઝડપી પાડવા મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ ચક્રો ગતિમાન કર્યા છે.

## પ્રાંતિજ સહિત જિલ્લામાં ચૈત્રી નવરાત્રીની આજથી શરૂઆત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ શ્રી વેરાઈમાતાના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષેપણ ચૈત્રી નવરાત્રીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. પ્રાંતિજ નાની ભાગોળ આરામ ગૃહની પાસે આવેલ શ્રી વેરાઈમાતા તથા રાધા-કૃષ્ણ મંદિર ખાતે શ્રી વેરાઈમાતા યુવક મંડળ દ્વારા આ વર્ષે પણ ૨૮મો ચૈત્રી નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચૈત્રી સુદ એકમને શનિવાર તા. ૨૧-૩-૨૦૧૫ને સવારે ૮.૩૦ કલાકેથી દિપ સ્થાપન દ્વારા નવરાત્રીની શુભ શરૂઆત થતાં ધજાદંડ તથા ચૈત્રીસુદ આઠને શનિવાર તા. ૨૮-૩-૨૦૧૫ના રોજ સાંજે ૪ વાગે દુર્ગાષ્ટમી હવન કાર્યક્રમ યોજાશે. જ્યારે ચૈત્ર સુદ નોમના દિવસે રવિવારને ૨૯-૩-૧૫ના રોજ રાત્રે ૯.૩૦ કલાકે અન્નકુટ ભરવામાં આવશે. જ્યારે છેલ્લા દિવસે સમુહ આરતીનુંપણ ભવ્ય આયોજન કરેલ છે. મંદિરે દરરોજ રાત્રે ૯.૩૦ કલાકે માતાજીના આરતી કરવામાં આવશે. યુવક ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરબે ગુમવાનો તેમજ રાસ રમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## મેઘરજ માર્કેટયાર્ડના વેપારીની લૂંટ કેસમાં બે આરોપી ઝડપાયા

મોડાસા, તા. ૨૦

મેઘરજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં કપાસના વેપારીને ૪ માસ અગાઉ રૂ. ૫૦ હજારની રોકડ રકમની લૂંટ કરી ફરાર થઈ ગયેલા બે આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા અને રિમાન્ડ મેળવતા ચોંકાવનારી વિગતો સાથે બે આરોપીઓના નામ ખુલતા બે આરોપીઓની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ગત ૧૯-૧૨-૨૦૧૪ના રોજ કપાસનો ધંધો કરતા ઈશાકભાઈ બાકરોલીયા પાસે વહેલી સવારે બે ઈસમોએ રૂ. ૫૦,૭૦૦ની લૂંટ ચલાવ્યા બાદ ફરાર થઈ ગયા હતા, ઘણા સમય બાદ આ આરોપીને રાજસ્થાન પોલીસે ઝડપી પાડ્યો હતો. જેને ટ્રાન્સફર વોરન્ટના આધારે નૈનેશ ઉર્ફે પપ્પુ અને સુનીલ ઉર્ફે પ્રકાશને મેઘરજ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગુજરાત લઈ આવી હતી. અને કોર્ટમાં રજુ કરી બે દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. આ રીમાન્ડ દરમિયાન આરોપી નૈનેશે પોલીસને ઘટસ્ફોટ કર્યો હતો જ્યારે આરોપી સુનીલ ઉર્ફે પ્રકાશના રિમાન્ડ દરમિયાન જણાવ્યું હતું કે આરોપી દિલીપ અને રાજુ ઉર્ફે રાજકુમાર ચારેય વ્યક્તિઓ મોટરસાઈકલ દ્વારા મેઘરજ આવી આ કપાસના વેપારી પાસેથી લૂંટ કર્યાની કબુલાત કરી હતી. પોલીસને તપાસ દરમ્યાન દિલીપ અને રાજુંનું નામ ખુલતા બન્ને આરોપી પોલીસ પકડથી દૂર છે. પોલીસે આ બન્નેની શોધખોળ હાથ ધરી છે, જ્યારે ઝડપાયેલા બન્ને ારોપીઓને સબજેલ મોકલી આપ્યા હતા.

## ઊંઝાના ડાયમંડ કોમ્પ્લેક્ષમાંથી દારૂ પકડાયો

ઊંઝા ખાતે હાઈવે પર આવેલ ડાયમંડ કોમ્પ્લેક્ષની અંદર ઉમા મોટર્સ ગેરેજમાં દારૂનો જથ્થો સંગ્રહાયેલ હોવાની મળેલ બાતમીના આધારે જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના અધિકારીએ સ્ટાફ સાથે દરોડો પાડયો હતો. જેમાં દુકાનમાંથી નાની મોટી દારુની ૧૬૫ બાટલીઓનો જથ્થો મળી આવતાં પોલીસે ૩૩૪૦૦ની કિંમતનો દારૂનો જથ્થો અને બે મોબાઈલ ફોન મળી કુલ ૩૪૯૦૦નો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે શ્રીમાળી ચંદ્રકાન્ત ઉર્ફે ચંદાભાઈ કાન્તિભાઈ રહે. કાંસા તા. વિસનગર તથા પટેલ વિનુભાઈ પરસોત્તમદાસ રહે. ઊંઝાની ધરપકડ કરી સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આથી ઊંઝા પોલીસે બંને તહોમતદારો વિરૂધ્ધ પ્રોહિબિશન એકટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય

ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર

TATA

ઓથોરાઈઝ્ડ ડીલર

Castrol

EXIDE INDUSTRIES LIMITED

BRIDGESTONE PASSION for EXCELLENCE

JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮

ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦

મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦